॥ श्री गणेशायनमः ॥

भर्तृहरि

નાટકનાં ગાયનો.

મોરબી આર્ય સુબોધ નાટક મંડળી માટે

રચનાર સ્વર્ગસ્થ કવીશ્વર

વાઘજીભાઈ આશારામ ઓઝા.

છપાવી પ્રસિદ્ધ કરનાર

પ્રેમીલાલ મૂલજીભાઇ ઓઝા.

ભારતભુવન થીએટર—અમદાવાદ.

આવૃત્તિ ૧૭ મી. પ્રત ૫ હજાર.

શ્રી જૈન એડવોકેટ પ્રિ. પ્રેસ. ઘીકાંટા અમદાવાદમાં
શા. ચીમનલાલ ગોકળદાસે છાપી. તા. [illegible]-૪-૨૧

સંવત ૧૯૭૭.] [સને ૧૯૨૧.

મૂલ્ય ૪ આના.

મોરબી નાટક કંપનીનાં

સચિત્ર મોટાં પુસ્તકો.

હરેક કોમની સ્ત્રીઓને સદ્‌બોધ ગ્રહણ કરવા યોગ્ય પાતિવ્રત્ય પ્રભાવ દર્શક અત્યુત્તમ પુસ્તકો.

સુકન્યા સાવિત્રી નાટક—(રંગબેરંગી બાવીસ સુંદર ચિત્રો સહિત.) મૂલ્ય — રૂ. ૧-૮-૦

મહાસતી અનસૂયા નાટક—(નામદાર ગાયકવાડ સરકારના કેળવણી ખાતાએ ઇનામ તથા લાઇબ્રેરી માટે મંજુર કરેલું સુંદર ચિત્રો સહિત) મૂલ્ય — રૂ. ૧-૮-૦

ભર્તૃહરિ નાટક—(સચિત્ર) મૂલ્ય. — રૂ. ૧-૮-૦

ચાંપરાજ, ત્રિવિક્રમ, ત્રિયારાજ, જગદેવપરમાર, રાણકદેવી, ચંદ્રહાસ, રાણા રાજસિંહ એ પ્રત્યેકનું મૂલ્ય — રૂ. ૧-૦-૦

પ્રેમીલાલ મૂલજીભાઇ ઓઝા.

ભીખા કલ્યાણજીની કું. નું.

તાવનું અકસીર મિક્ષ્ચર.

આ મિક્ષ્ચર ઇન્ફલ્યુએન્ઝા, ટાઢીઆ, આંતરીઆ, મેલેરીઅલ અને ખરાબ ઋતુમાં ફાટી નીકળતા સર્વે જાતના ઝેરી તાવ ઉપર રામબાણ અસર કરે છે. કારણ કે તે નાશકારક જંતુઓને નાબુદ કરવામાં આબાદ છે. આ મિક્ષ્ચરના ત્રણ ભાગ લેવાથી એકજ દિવસમાં ગમે તેવો તાવ નાબુદ થઇ જાય છે. બીજી કેટલીક તાવની દવાની દવાથી તાવ એકદમ કાઢયા પછી માણસના શરીરમાં ઘણીજ અશક્તિ અને સુસ્તી આવી જાય છે, પણ આ દવાથી એવું કશું ખરાબ પરિણામ આવતું નથી એ તેની ઉત્તમ ખુબી છે.

તાવ નીકળી ગયા પછી એક અથવા બે વધુ વખત લખેલા ભાગથી અર્ધો ભાગ લેવાથી તાવનો સમુળગો નાશ થશે અને પાછો આવશે નહીં. વધુ વિગત માટે પ્રાઇસલિસ્ટ જુઓ.

બાટલી ૧ ની કીંમત આના બાર.

બહારકોટ, શેખ મેમણ સ્ટ્રીટ; ગણેશવાડીના નાકે, મુંબઇ.	**ભીખા કલ્યાણજીની કંપની.** જથાબંધ તથા પરચુરણ દવા વેચનાર.

॥ श्रीगणेशाय नमः ॥

॥ श्रीमद् राघवसद्गुरवे नमः ॥

भर्तृहरि नाटकना गायनो.

મંગળાચરણ-

સૂત્રધાર—

મંગળ તમારું પ્રિય છે તમારું, તમારું વિશ્વપતિ નામ—મંગળ.
નાટક કળા નાથ કરી તવ પ્રેરી, બજવવા હરિ આપો હામ—મંગળ.
પાત્રોની રચના કરો રસ હોંસટ, શુદ્ધ વાણી સુંદર સ્યામ—મંગળ.
નિર્વિઘ્ન નાથ ઉતારો આરંભ, પ્રાર્થના કરું પૂર્ણ કામ—મંગળ.

નટી—

૨

દીધી બક્ષીસ નરને નારી ચમત્કારી રે,
નારી ચમત્કારી રે, સતી છે પ્રાણ પ્યારીરે.—દીધી.
કમળ નયની સુખ અમૃત ભાષી,
બાળા સંસાર પુરુષનો હે સુધારી રે. —દીધી.
જોરે કુસંગે કામિની બગડી,
આ અવતાર ગયા જ જાણો હારી રે.—દીધી.
પૂરણ ભાગ્યોદય હશે જે પુરુષનો,
તેનું ઘરબાર શોભાવે સતી સારી રે.—દીધી.

પિંગળા—

૩

નારીના કટાક્ષ પાસે, પુરુષ છે ગુલામ;
હાવ ભાવ કરીને, હરીએ પુરુષ હામ.
આ ભ્રકુટીનો વિલાસ, આરે મંદ હાસ;
મધુર વચન મંદમતિ, નાંખે પુરુષ પાસ.

રણુને વિષે બાણુ કોટી, નર નિવારે શૂર:
આ કટાક્ષ બાણુ દાસી, પાડે ચોધ પૂર.

દાસીઓ— ૪

આહા ! આપનું શરીર, તરુણ વયનો બાગ;
યૌવનમાં વેલી સર્વ, ફુલી છે અથાગ.
અંગ છે સુવર્ણ રંગ, નેત્ર મોહ બાણ;
કમલ મુખ ચંદ્ર પ્રભા! શું કરૂં વખાણ.
કામ દેવની પ્રિયા જે, નામ છે રતિ;
તેહથી અધિક રુપ, ધારે મુજ મતિ.
ચાલ આપ ચાલો ત્યારે હંસની ગતિ;
આપ જેવા પ્રિયા દીસે, ભાગ્ય ભૂપતિ.

ભર્તૃહરિ— ૫

કનક વલય તુજનાર, કાળજેરે કોરાયું;
ઉર મુક્તાનો હાર, અંતરને એણે સાર્યું.
પ્યારી તુજ મુખ ચંદ્ર ! નિત્ય મારે ચિતરાયે;
વચન મધુરતા સુધાપાન. તૃપ્ત નવ થાયે.
પણ રાજકાજ મૂકી અને, જો અત્રે બેસી રહું;
તો બગડે સ્થિતિ રાજની; તસ્કર જોર વધે બહુ.

પિંગળા— ૬

સદા રહો પાસ પિયુ ! સદા રહો પાસ;
નયનના વિલાસી મારા, સદા રહો પાસ.
સભા વિષે જાઓ પિયુ ! મુકી આ આવાસ;
ખાન પાન તજી બેસું, રહી હું ઉદાસ.

પુરુષનો વેષ કરી, રહું હું હજૂર,
કહો તો એ કરું પણ, રીતિથી છે દૂર.
એક તન વિષે એક, તન જો સમાય;
તુરત તે કરું સ્વામી ! પણ એ ન થાય.
ચંદ્ર ને ચકોર સંગ, દીપ ને પતંગ;
મયુર નો ઘન સંગ, પ્રીતિતણો રંગ.
હવે જો વિશેષ પિયુ ! રે'શો હુંથી દૂર;
નક્કી પ્રાણ ત્યાગું મારો, જાણો નૃપ ઉર.

ભર્તૃહરિ— ૭

તારુણી ! તુજથી નથીરે જુદાઇ, શશિવદની સુખ પામું હું આંહી–તારુણી—

વદન મનોહર તારું લલિતા ! સૌરભ અંગ જોબન સુખદાયી.– શશિવદની.

ભ્રકુટી વિક્રમ સ્મિત અતિ વિભ્રમં, નિરખી પ્રિયા ! ભુલું સરવેરે કાંઇ.–શશિવદની.

ત્રણસો સાઠ ત્યાગી તુજનેરે ચાહું, તુજ વિણ મુજ ક્ષણ કલ્પ સમજાઇ.–શશિવદની.

પિંગળા— ૮

પિયુ ! કરના મોજ વિલાસ (ર) બદન અલગ જબ કરત જુદાઈ, લાઇ, તન મન સબ દુઃખદાયી.– પિયુ !

તુમ જબ જાત સભામેં ઝાંકાર, તલપ તલપ જીયજાત નિ-રહસેં, પ્રેમ પીછાનો ચતુર નૃપ મેરે, તુમ બીન નરવર મેં હું સદા ઉદાસ.– પિયુ !

ભર્તૃહરિ— ૯

એરી આવું છું પ્યારીરે, રાજ કચેરીમાં જઈ હમણાં;
ઉર રહત તનુ રમ્ય, તનુ રમ્ય પ્રિયવિરહ દુઃસહ દુઃખ ઝપટ
વિકટ—આવું છું.

પ્રેમ અપાર જ જ્યારે તમારો,

પિંગળા—................ત્યારે શું જાઓ છોડી?

ભર્તૃહરિ—ધર્માસનપર જઈને આવું, પ્રજા સુખ દુઃખ જાણી—આવું છું.

પૂર્વ જન્મની પ્રીત તમોથી ... ...

પિંગળા—... ... ... ખરું કહો છો સ્વામી !

ભર્તૃહરિ—સ્થિતિ રાજની જવું; જાણવા, શી છે ન્યાય ખામી—આવું છું.

પિંગળા— ૧૦

સમ ખાઈને કહી દો ? કયે આવશો પાછા અહીં કંથ !
વિરહ વેદના થોડી, કરશો જાણો છો પ્રીતિ પંથ.
સ્મરણ ચરણનું ચિત્તમાં, રાખી બેસી રહું છું રે પ્યારા !
રટું નામ રાજજી, જરૂર જાણજોરે ઇશ્વર મારા.

કૃષ્ણાકુમારી— ૧૧

એ તો એવાં બોટે છે ધરી ગુમાન;
મોટે કરાવું હું, ચાલો પ્રમાણ.
કપટ જાળ પિંગળા છે એના પ્રાણ;
પૂરી તમોને રાખે છે આ સ્થાન—એતો.
બહાર નવ આવવા દીએ ઘડી એક;
આવે તો થાય છે મોટી ખેંચ તાણ.
ચાલો કચેરીમાં મોઢે કરાવું;
હાલ ચાલ બોલે છે સુણ્યું કાનો કાન—એતો.

ઋષિઓ—　　　　　　૧૨

આરતી તારી ઉચરીએ, નિરંજન ! આરતી તારી ઉચરીએ
સર્વવ્યાપક તુજ ચૈતન શક્તિ, વર્ણન શું તેનું કરીએ;
શુદ્ધ હૃદયથી જોરે આરાધીએ, તો ભવસાગર તરીએ.—નિરંજન.
યોગ યગન સમાધિ ધરી ધ્યાને, લક્ષ વિષે નવ કરીએ;
અકળગતિ પરાપાર પિતુ તારી, વાણીયા શુંરે વિસ્તરીએ-નિરંજન.
રચના યથાયોગ્ય આરે જગતની, મહિમા તારો ઉર ધરીએ;
દીન વચન પ્રભુ ! અલ્પ સ્વીકારો, કાવ્યે કથન શું કરીએ.-નિરંજન.

ભર્તૃહરિ—　　　　　　૧૩

જન્મ્યો જગમાં ત; વૃથા જન્મ્યો !
જેને કામ શૃંગાર પીછાન નહીં—જન્મ્યો.
મૃગનયની નિતંબ ન સ્પર્શ કર્યો કદી;
આયુષ સર્વ અસાર થઇ.-જન્મ્યો.
જે સુખ નાર વિલાસ વિષે રહ્યું,
તે સુખ અન્ય વિષે જ નહીં.-જન્મ્યો.

ભર્તૃહરિ—　　　　　　૧૪

પ્રિયાકા સમાગમ સબસેં હે પ્યારા.
રતિકે શ્રમસેં પરસ્વેદ બિંદુ, માનો શોભત હે તારા;
ભારી નિતંબ પરી ઉર ઉપર, અંગે ચંદનકી ગારા.—પ્રિય૦

ભર્તૃહરિ—　　　　　　૧૫

એક નારી જગતમાં પ્યારી; કમળ વદની પ્રિય ચંપક વરણી-નારી,
કમર પાતળી ચરણ ઉપડતાં, સ્તનો ભારે લચકાતી;
કુમ કુમ કદળી ગૌર નવોઢા, મંદ ગમની શ્રમ ખાતી.—એક.

રુમઝુમ ફરતી હસતી રંભા, અંગ મરોડ બતાવે;
રાજ મહેલને વિના એ પ્રેમદા, કહો કોણ શોભાવે ?—એક.

ભર્તુહરિ— ૧૬

કરી ન્હોત જો વિધિએ કામિનીને,
રચી ન્હોત જો ચાંદની જામનીને;
ભરી ન્હોત જો રૂપથી ભામિનીને,
રટી હોત માળા તદા રામનીમેં.

પિંગળા— ૧૭

જા સખી ! તું વેગે વ્હેલી, લાવ અશ્વપાલ;
યાર વિના કામે વ્યાકુળ, થઇછું હું બેહાલ
મોહ્યું એથી મન મારૂં, રાખું તેથી યારી;
જીવ જહાન એ છે મારો, સુણ સખી પ્યારી.

મધુરવદંતી— ૧૮

અહહ બાઇ ! એહ તર્ક, નથી ઘટિત આપ;
અતિ પવિત્ર આપ સ્વામી, શીદ ધરો છો પાપ.
નીચ સંગ યારી તેમાં, ફળ નથીરે સારું.
સુજ્ઞ થઇને શું કરો છો, કાર્ય આ નઠારું.

પિંગળા— ૧૯

મારી સાથે શું છે તારો ધર્મ તું વિચાર,
અશ્વશાળા સઘ શોધી, ખોળી લાવ યાર.
મૂર્ખ મોટો એ છે પણ, જાણે ભોગ વિલાસ;
એના સમ સુખ કદી, મળે ન સ્વામી પાસ.

મધુરવદંતી— ૨૦

પવિત્રતાનો ધર્મ ત્યાગ, કાં કરો છો બાઇ!
દિલ દીધેલ સ્વામી સાથે, ના રાખો જુદાઇ.
જો કદાપિ નૃપતિ જાણે, આવું દુષ્ટ કાજ;
કુળ મારૂં ખોદી કાઢે, ભૂપ પુણ્ય રાજ.

પિંગળા— ૨૧

આમ વિચાર વિના શું બોલે, પ્રીત ધરી દાસી તુજને મેં રાખી.–આમ.
કપટ તજીને ગુપ્ત જણાવું, મદનની મોજ તુંને મેં ભાખી.—પ્રીત.
જોરે વિશેષ બોલી તો તુજને, કરીશ બેહાલ હું આરોપ નાંખી.—પ્રીત.

મધુરવદંતી— ૨૨

કોપ શીદ કરો છો બાઇ! આજ્ઞા શિર ચઢાવું;
પણ મૂર્ખથી યારી કરી, રહેશોરે પસ્તાવું.
ભર્તૃહરિ દેશ પતિ, ગુણી વિદ્યાવંત;
તેવા પ્રાણનાથ તજી, આવી ચ્રખો ખંત.

પિંગળા— ૨૩

સુણુ સખી જાય છે તું, તેડવાને કાજ;
એમ નહીં આવે યાર, મૂર્ખ શિરતાજ.
ભોજનની લાલચે એ, આવશે સતાગ;
માટે એવું કહી એને, લાવ વગર દાગ.

મધુરવદંતી— ૨૪

એમાં કહેવું નહીં પડેરે, બાઇ મુને કાંઇ;
યુક્તિ સરવ જાણું સાચી, આપ નામ ગાઇ.
આટલો મેં વખત કાઢયો, આપ કેરી પાસ;
મારી એ પ્રતીતિ કેમ, રાખો નહીં ખાસ.

અક્રુરવદંતી— ૨૫

કામ છે દુષ્ટ વિકારી, અહા ! પ્રભુ કામ છે દુષ્ટ વિકારી.
ઇંદ્રિ સમાન પતિ અતિ સુંદર, અશ્વપાલથી છે યારી–અહા !
ત્રણસો ત્યાગી એકજને ચાહે,તેના ચિત્તમાં છે જાર છીનાળી.–અહા !
ધિક્ક ભાઇ તુજને ધિક્ક તારી બુદ્ધિ, વિપરીત વાત વિચારી.–અહા !

અંક ૨ જો.

ભર્તૃહરિ— ૨૬

રાખી રાણીને મૃત્યુ માંહ્યરે, ફળ ખાવું શું મારે ! (૨)
હુંરે ખાઉં તો પ્રિયા પાછળ, ઝુરી ઝુરી દિન જાયરે.–ફળ.
એની પ્રીતને રંગે જીવું છું, એના વિના ઘડી નવ જાયરે.–ફળ.
માટે આ આપું પ્રાણ પ્યારીને, કરું અમર એની કાયરે.–ફળ.

ભર્તૃહરિ— ૨૭

ફળ એક વિપ્રથી 'મળ્યું', પ્રિયા ! મોરીરે.
પ્રાશન આનું કર પ્રીતેથી, દુઃખ તજ મૃત્યુનું ટળ્યું.–પ્રિયા.
નર યા નારી આ ફળ ખાતાં, અમરતા પામે એ ખરું–પ્રિયા.

પિંગળા— ૨૮

પિયુ ! ફળજ સુંદરરે, પ્રાશન આપ કરો પિયુ ! મારા–પિયુ.
આપ અમર થઇ તખ્તે બિરાજો, પ્રજાહિત પિયુ કરશો;
હું છું નાર અમર શું થાઉં, અરજ મારી ઉર ધરશો–પિયુ.

ભર્તૃહરિ— ૨૯

લગની તુજથી લાગી, પિયા ! મારી લગની તુજથી લાગી.
તુંને ચક્ષુથી દેખું ત્યાં સુધી, હુંરે જીવું બડભાગી.–પ્રિયા.

તારા વિયોગ થયે તુર્ત પામું, ખેદ હું થઇરે અભાગી.–પ્રિયા.
તે માટે તુજને અમર હું ચાહું, જા ન કદી મુને ત્યાગી.–પ્રિયા.

પિંગળા— ૩૦

સાચો મારો છે, જે શોખી પૂરા તેને ફળ આ તો દેશું–સાચો.
અમર થશે છેલ યારજ મારો, આપશે સુખને વિલાસ—સાચો.
એને મળ્યા વિણુ દિન એક વીતે, ચિત્ત મારું થાય છે ઉદાસ–સાચો.

વિક્રમ— ૩૧

એશું બોલો છો ! વિવેકી ભ્રાતા ભરથરી;
એ શું વદો છો વડીલ, જીભથી કરી.
એ શું કહો છો માતુ પિંગળાનારે પ્રભુ;
મુજ વિષે આવી બુદ્ધિ આરાધો શંભુ.
સમુદ્રે મર્યાદા ભ્રાત, હજુ મુકી નથી;
અગ્નિની શિખારે ભ્રાત, અધો ગઇ નથી.
સુર્ય માંહે અંધકાર, હજુ થયો નથી;
સિંહણ સુત તૃણ ખાવાને, હજુ ગયો નથી.

વિક્રમ— ૩૨

ભરથરી ભ્રાતા ! વિચારીને તમે, કરો હું ઉપર કોપ.
વિણુ અપરાધે, (૨) તમે વદો વચન આરોપ—ભરથરી.
છો શિર છત્ર, (૨) નવ લોપું નીતિ ધર્મ;
બંધુ પત્ની મમ માત છે, કેમ કરું અવિહિત જ કર્મ–ભરથરી.
કટુ વચન બાણુ, (૨) શિરપર મુકો માં આપ;
આગળ વાત વિચારતાં, ભાઇ ! પામશો પશ્ચાત્તાપ–ભરથરી.

વિક્રમ— ૩૩

સુણ ઓ જુત ભરથરી ભૂપ ! ઉજેની તારીમાં ન રહું રે;
રાખ ચતુરાઇ રહે હવે ચૂપ.—ઉજેની.
હવે માળવાનું અન્ન નહીં ખાઉં;—ઉજેની.
વગે અરણ્યમાં ચાલ્યો હું તો જાઉં.—ઉજેની.
ધિક્‌ધિક લપટાણો મતિ મંદ;—ઉજેની.
ફટ ફટ સમજ્યો ન નારી ફંદ.—ઉજેની.
ફરયો પિંગળાના પાપી પંજા માંહ્ય;—ઉજેની.
વાગે ત્યારે સંભારજે તેના ઘાય.—ઉજેની.
ચાલ્યો જાઉં સાચો ક્ષત્રિય ધરી હામ;—ઉજેની.
તારી ઉજેનીમાં રહેવું હરામ.—ઉજેની.

દુર્બોધા— ૩૪

રાખને હવે મૂક શેખી, જાણું છું તારું,
જાણું છું હું તારાં કામ, ઘર ભર્યું છે લઇ ઇનામ;
તું તો ખાય છે બધું હરામ, એવું નથી મારું.—રાખને.
હું તો લઉં છું લહેર કરાવી, તેથી ભાઇને મન ભાવી;
જોજે મૂકું તને કઢાવી, કરું દિલ ધાર્યું.—રાખ

મધુરવદંતી— ૩૫

રાંડ બોલ મુખ વિચારી, ધિક્ક તેં તો શિખની છે જારી.
તારું ભુંડું થાશે ભારી, તારી ખુવારી તો થાવી;
રાજ રાણીને ભૂલાવી— રાંડ બોલ.
રાંડ તેં તો આદર્યું ઘણું જ અહીં નીચ કામ,
કામ કામ અનીતિ તમામ, લૂણ હરામ બોળ્યું નામ;
ભાગી જા તું કાળું મુખ સંતાડરે ધિક્ક નઠારી—રાંડ બોલ.

કળાવતી— ૩૬

અમરફળ મળ્યું, તેનું શું દિલે ધર્યું;
મારે ખાવું કે ન ખાવું હા,
વસ્તુ કીમતી ઘણી છે આ;
એમાં વિચાર કરો લગાર, ખાઓ ન પાધરું—તેનું.
આ ભવે ગુણિકા નાર છું,
ફળ ખાઇ સદા તેવી રહું;
કોઇને દઇએ દ્રવ્ય લઇએ, એ ખરેખરું—તેનું.
ત્યારે એવો એક ભૂપતિ, ભર્તૃહરિ છે ઉજ્જેનીપતિ;
એહ ભૂપ છે અનુપ, જઇ તેને ધરું ચાલો,
જઇ તેને ધરું—અમર.

મધુરવદંતી— ૩૭

દિલથી તમ નોકરી કરીએ બાઇ ! બાઇ હો હું થી સૌ સચવાએ,
બધી ખિજમત આપની જળવાએ;
સારું જ નજરે ન જોઉં કાંઇ— દિલથી.
ઘણો અનર્થ હવે તો થાયે, નિર્દોષી પણ માર્યા જાયે;
શીદ રુકસત આપો હો ચાઇ.— દલથી.

મધુરવદંતી— ૩૮

રાખો રાખો તરછોડો શું આ વાર;
આગળ ફળ જોજે આનાંરે.
આવી ચાલમાં જોશો રે, શું છે સાર—આગળ.
ધિક્ જોબન જોરમાં ભુલ્યાં ભાન—આગળ.
નીચ નરને કર્યો છે, દિલજાન—આગળ.
રાજ હંસણી થઇને, શોધ્યો કાગ—આગળ.

કુળ ઉપર લગાડયો, કાળો ડાઘ—આગળ.
માળવાના મહારાજ પરમાર—આગળ.
તેનાં રાણી હાણીયાથી રમે જાર—આગળ.
સોંપી લંપટના હાથમાં લગામ—આગળ.
ધિક્ક ધિક્ક બુદ્ધિ બગડી તમામ—આગળ.
હવે નવ રહું ઘડી આણે ઠામ—આગળ.
આવી નોકરી છે આજથી હરામ—આગળ.

પિંગળા— ૩૯

વિનતિ સુણતા જાઓ સ્વામી ! કહું છું તમને ;શિશ નામી;
કુકે જ કીધું થઇ મેં કામી, પ્યારા સ્વામી રે.
ફિટકારી જાઓ હું છું પાપી, જાઓને મારૂં માથું કાપી;
આગ અંગ માહે વ્યાપી.—પ્યારા.
સોબતમાંથી સંકટ પડયાં, સુખ લલાટેથી ખડયાં;
પાપ પુરવનાંરે નડયાં.—પ્યારા.
હાય મુજને મૂકી ગયા, શું સહાય અળગા થયા;
કોઇ દિ નહીં એ લાવે દયા.—પ્યારા.

અંક ૩ જો.

ભર્તૃહરિ— ૪૦

ઓયકુ મનવા ધિક્ક ધિક્ક હે,
મેરે બડી ઉસકે મન ઠીકહે.—ઓયકુ.
જીને સંગે મેં રાત દિનોકું.
લપટ રહ્યા સો અધીક હે.—ઓયકુ.
રાજ તજી અબ શિવકું રટતાં,
એહી તરન ભવ શિખ હે.—ઓયકુ.

ભર્તૃહરિ— ૪૧

જે ચપળાને ચિંતવું નિશદિન, તે મુજથી બેદિલ રહે રે—જે.
ભલે ભામિની જાણો સાચી, નથી થવી એ સાચી રે;
ક્રોડ ઉપાયે કરો યત્ન પણ, કામ પ્રકટતાં કાચી રે—જે.
એક જ કામની ઇચ્છા એને, એકજ સુખની પ્યાસી રે;
ઝેર હૃદયમાં મુખમાં અમ્રત, જણાશે જુઓ તપાસી રે—જે.

ભર્તૃહરિ— ૪૨

અયે કમજાત પિંગળા તેને, બહોત દગા દીયા;
બાઈ જેસા ભાઇ મેને, દેશ નિકાલ કીયા.—અયે કમજાત.
તેરેપર ઇતબાર રખા, તેં બુરા કીયા;
જન્મ મેરા આજ તે ખરાબ કર દીયા.—અયે કમજાત.
નિર્દોષ મેરા બંધુ, માલવ દેશસે ગયા;
નઠોર કઠોર નારી જાત, દિલ મેં નહીં દયા.—અયે કમજાત.

ભર્તૃહરિ— ૪૩

સુતવિત્ત નારી ભવનં પરિવારા;
હોહિં જાહિં જગ બારહિં બારા.
અસ વિચારિ જીય જાગહુ તાતા;
મિલહુ ન જગત સહોદર ભ્રાતા.
યથા પંખ બિનુ ખગ અતિ દીના;
મણિ બિનુ ફણી કરીવર કર હીના.
અસ મમ જીવન બંધુ બિનુ તોહી;
જો જડ વૈ જીવાવે મોહી.
જહ હોં અવધ કવન મુખ લાઇ;
નારી હેતુ પ્રિય બંધુ ગંવાઇ.

ભર્તૃહરિ— ૪૪

છોડદે અભિમાન માન અબતો મનવા મેરા છોડદે અભિમાન.
રાજ પાટ સબ જૂઠે જાનો, ક્યું તુમ હોત હેરાન;
નારી પ્યારી નહીં હે તેરી, મત કરનાં ગુમાન; માન.—અબતો.
જૂઠી પ્રીત જગતકી દેખી, મત ભૂલે નાદાન;
બાહીર રંગ રૂપકું દેખી, મત હોનાં ગુલતાન; તાન.—અબતો.
ચલ જંગલમેં ભેખ ધરેંગે, તજી જગત તોફાન;
જગત સ્વપ્નસે જાગ્રત હોના, ગુરુસે લેનાં જ્ઞાન; જ્ઞાન.—અબતો.

પ્રધાન— ૪૫

તુમ ચલે કફની પેહેરકે, હમકું કીયા કીસકે હવાલે?
તુમ ચલોગે ઇસ બાજુપેં, હમ પીવે બીખકે પ્યાલે;
રાજા! મત કરના એસા, તેરા પ્યાર દિલું સાલે.—તુમ.
એ હાલ કરકે સબકું પ્યારા! અબ ભેખના લે;
એસેં ચલકે ઇહાંસે, ક્યું ગલેમેં તોક ડાલે.—તુમ.

પિંગળા— ૪૬

અરર સ્વામી રે! શું હવે કરું, અતિ નિષિદ્ધ મેં, કર્મ આચર્યું;
શિયળ ભંગમાં, પાપ ના ગણ્યું, સુખ અખુટ મેં, આપનું હણ્યું.
દીયર વિક્રમા, નિર્મળા મતિ, તુજ વિષે થઇ, દુષ્ટ હું અતિ;
મન ગમ્યાં સદા, ભોગવ્યાં સુખો, કયમ સહ્યાં જશે રાનનાં દુઃખો.
સુરજ આથમ્યો, માળવા તણો, ઉચરતા બધે, ત્રાહરે જનો;
થઇ ઉજ્જેનીરે, તું અનાથરે, કકળતો રહ્યો, સર્વ સાથરે.
કમળ મુખને, શ્યામ મેં કરી, કુળ લજાવીયું, ના ગઇ મરી;
રૂપ બળો અરે, શું કરું હવે, કુરૂપ તો થયું, કામને દવે.

દવ ઉઠી મને, બાળી નાંખતું, જનની પૃથ્વીરે, વા સમાવ તું;
અરર શું કરૂં, કયાં જઈ પડું, મરણુ સહાય થા, આવી ઢુકડું.

અધુરવદંતી— ૪૭

ભાવી થનાર તે થયું, હવે શોક ના કરો તમે બાઇરે મારાં.
જોબન જોરે તો ભૂલ્યાં, નેત્ર તે સમે ન ખુલ્યાં;
કામાંધ થઇને ડુલ્યાં, દુભાવ્યા ભરથાર પ્યારા.—તમે.
મિથ્યા ન થાએ કીધું, ઝેર ઉપાડીને પીધું.
સાચા સ્વામીને દુઃખ દીધું, ભર્યા પાપના ભારા—તમે.
શોક બાઇરે ત્યાગો, હરિ ધ્યાન માંહી લાગો;
હવે પાપ માફી માગો, કીધાં કર્મ જે કાળાં.—તમે.

પિંગળા— ૪૮

શૃંગારમાં ડુબાવીતી, તમે જ મને;
પિયુને તજાવનાર વેરી, અલંકાર—શૃંગાર
હીરા મોતી જડીત કંકણુ દૂર જાઓ;
પોખરાજ રત્નહાર અદ્રશ્ય જ થાઓ.—પિયુને.
જરિયન સાડી ચૂડામણિ બળી જાઓ;
રૂપ દેહીનું બળીને ખાખવત્ થાઓ —પિયુને.
અરે કાંપ મૂકયો મુજ હૃદયમા કાપ;
અરે બાજુબંધ ઉપજાવ્યો તમે તાપ-પિયુને.
શ્વેત વસ્ત્ર સાડી દાસી લાવ તું આ વાર;
પ્રભુને શરણુ થવું ઉતારી શૃંગાર—પિયુને.
શિયળ ભંગના પાપ થકી મુને પ્રભુ !
મુકત કરશે દીનાનાથ અર્પું એને શિશ.-પિયુને.

આગીઓ— ૪૯

ધરો નિરંજન ધ્યાન; નાથ તુમ ધરો નિરંજન ધ્યાન.
સદા તુમ ભણો ભેખકે જ્ઞાન, રટો તુમ ગુરુ મચ્છંદર નામ.—નાથ.
હઠક તુમ કરો છુટીયા પાન, સમાધિ સુખકી લે નિશાન—નાથ.

ભર્તૃહરિ— ૫૦

દેખા નહીં કછુ સાર જગતમેં દેખા નહીં કછુ સાર;
મોહ નિંદ મત લપટો યારો, દેખા નહીં કછુ સાર.
ચોદ ચોકડી રાજ ભીસે પન, ત્રશ્નાકા નહીં પાર,
ભોગ ભોગતે ઈંદ્ર અપ્સરા, તૃપ્તી નહિ લગાર;
તૃપ્તી નહીં લગાર— જગતમેં.
જુઠા રંગ રૂપમેં ભૂલી, ક્રીડા કરત ગમાર,
રૂપ વીર્ય બલ નાશ હુવા તબ, નહીં હે અપની નાર;
નહીં હે અપની નાર— જગતમેં
પ્યારી મેરી જાની પિંગળા, હુબ રહા એક તાર,
તોભી કીયા કૃતધ્ની રાણી. અશ્વપાલકું યાર;
અશ્વપાલકું યાર — જગતમેં.
અલ્પ બખતકા એહી તમાશા, દુઃખહે અપરંપાર,
બેશક ઈશ્કા ત્યાગ કરો તુમ, ફેર પસ્તાના યાર;
ફેર પસ્તાના યાર.— જગતમેં.
એહી ભર્તૃહરિ નાર ભરૂંસે ભૂલી હુવા ખુવાર,
એહી ભેખસેં, જગત શિખ દઉં, નવ ડુબો સંસાર
નવ ડુબો સંસાર.— જગતમેં.

દાસીઓ— ૫૧

હાય ! કેમ આ સહેરો ઉજ્જેની રંડાપો, સહેરો ઉજ્જેની રંડાપો;
ધણી થઈ છે રાજાજી માફ રાખો. હાય.
બાણું લક્ષ માળવાના છો સ્વામી ! કામ કોડીલા રુપે ન ખામી;
ગૌર અંગે ભભૂત શી જામીરે—હાય કેમ આ સહેરો ઉ૦.
એક બાજુ કૂબ્જા તમારી રુએ, ચંદ્રકળા ચોધારાં નીર ચૂએ;
બાપુ ! સુખે ન આજ કોઇ સુવેરે.—હાય કેમ આ સહેરો ઉ૦.
મહેલ મહેલે વિલાપ છાયો છે, પવન શોકનો સઘળે વાયો છે;
કળકળતાં બાઇઓ ને ભાઇઓ છેરે.—હાય કેમ આ સહેરો ઉ૦.
ખાંધે લટકાં શી ભગવી આ ઝોળી ! આવ્યા વસ્ત્ર કયાં ગેરુ ઝબોળી ?
હાય ! હૈયામાં પ્રકટાવી હોળીરે.—હાય કેમ આ સહેરો ઉ૦
નથી વિક્રમમાની કંઇ આશા, કીધા કરમે એવારે તમાશા;
એણે બીજાં જંગલ કયાંઈ વાસ્યાંરે.—હાય કેમ આ સહેરો ઉ૦
ધણી નોધારાં અમને કરો માં, આવું અણધાર્યુ પગલું ભરો માં;
જોગી જીવતાં ચિતામાં ધરો માં રે.—હાય કેમ આ સહેરો ઉ૦

પિંગળા— ૫૨

અલેક જગાકે દ્વારે ખડો જોગી !
એ સ્વામી વિના અન્ય ન કોઇ, આપો માગણુ મમ ભોગી—અ ૦.

પિંગળા— ૫૩

ધિક્ક યુવા ધિક્ક મુજને, ધિક્ક કામ વિકારજી,
જેણેરે ભૂલાવી મુને સત્યથી, કર્યા નીચ વિચારજી;
ભેખરે ઉતારો રાજા ભરથરી.
ક્ષમા કરોરે રાજા રંક શું, નારી અજ્ઞાન જાતજી,

અન્ય વખત આવું નહીં કરૂં, લાજ્યા માતને તાતજી;
ભેખરે ઉતારો રાજા ભરથરી.

ભર્તૃહરિ—

કપટ રૂપી રાણી પિંગળા ! એ શું બોલે વચનજી,
રાજરે તજ્યું તુજ કારણે, જો વિચારીને મનજી;
ભિક્ષા દેને મૈયા પિંગળા.
તુંરે ખોટી ખોટું રાજ છે, ખોટો સારો સંસારજી,
અલખ જગાવું વન એકલો, જેથી પામું ઉદ્ધારજી;
ભિક્ષા દેને મૈયા પિંગળા.

પિંગળા—

રહોતો રાજા રસોઇ કરૂં, જમતા જાઓ સ્વામી નાથજી,
ક્ષીરરે નીપજાવું ક્ષણ એકમાં, જમીએ આપણ સાથજી;
ભેખરે ઉતારો રાજા ભરથરી.
મઢીરે કરાવું રંગ મહેલમાં, રાખું ગુપ્ત અવાસજી,
જેમરે જાણે નહીં જગતમાં, સાધો જોગ રહી પાસજી;
ભેખરે ઉતારો રાજા ભરથરી.

ભર્તૃહરિ—

મહેલરે તારાને રાણી શું કરું, કેવો ગુપ્ત અવાસજી,
ક્ષીરરે ભોજન મૈયા કયા કરૂં, નથી ભોગની આશજી,
ભિક્ષા દેને મૈયા પિંગળા.
વાસી જંગલના જોગી અમે, નહીં ગામમાં વાસજી,
વિષની વેલીથી અળગો રહું, નહીં નારીનો પાશજી;
ભિક્ષા દેને મૈયા પિંગળા.

પિંગળા—

ભગવાં જોઇ રાજા ભરથરી! દાવાનળ દિલ થાયજી,
માઈ કહો ન મારા કંથજી, લાગે દેહમાં લાયજી;
ભેખરે ઉતારો રાજા ભરથરી.

ભર્તૃહરિ—

વધુરે શું વદું મૈયા પિંગળા! કરું અરે કેટલો ઉચારજી,
બંધુરે જેવોરે બંધુ તજ્યો, માર્યો વચનનો મારજી;
હવેરે રાજને મૈયા હું શું કરું.

પિંગળા—

વાંકીરે વિધાતા મુને ભુલવી, લખીયા લેખ તે લલાટજી,
આનુંરે પ્રાયશ્ચિત હવે હું શું કરું, મારમ આપો પૂરા માતજી,
ભેખરે ઉતારો રાજા ભરથરી.
ત્રણસો નારીરે અન્ય આપની, માલવપતિ મહારાજજી,
એકને કારણે એને નવ તજો, પાપી પિંગળાને કાજજી;
ભેખરે ઉતારો રાજા ભરથરી.

ભર્તૃહરિ—

મોહ છોડી દે મૈયા પિંગળા! પ્રીતે કર સંતસંગજી,
સગુંરે નથી રે કોઇ કોઇનું, આ સંસાર પતંગજી;
ભિક્ષા દેને મૈયા પિંગળા.
દેતીહુતો ભિક્ષા દે મુને, નહીંતર કરું ગૃહ ત્યાગજી,
ગુરુજી મારારે રોષે થશે, ચાલી જાય જમાતજી;
ભિક્ષા દેને મૈયા પિંગળા.

રાણી ચંદ્રકળા વગેરે— ૫૪

રાજાજી! જંગલમાં ભલે તમે જાઓ;
પ્રથમ અમને મારીને, સુખીઆરે થાઓ.
લીધો જોગી વેષ, સુકોમલ દેહ;
એકા એક અમને, શાને દીધો છેહ.
શું છે અપરાધ, અમારો કહો?
વિનારે સબબ, ત્યાગ દિલને દહો.
ગળે નાખું હાથ, જોગી પ્રાણનાથ;
અમો છું પતિવ્રતા, તમારી સંગાથ.
નો બેશી રહીશું, ચાલીશું સંગ;
વ્રત અમારાં શાને કરો છો ભંગ.

કમળાક્ષિ— ૫૫

અહો પિયુ! આગ, થાઓ ન ત્યાગ જંગલમાં જઈ;
જાઓ નરેશ, વિધવા વેષ, આ વયમાં દઈ.—અહો.
દીધો તો ડોલ, આવું છું મહેલ કમણાં હું પ્રિયા;
જોગી સ્વરુપ, ધારીને ભૂપ, આવ્યા છો અહીંયાં—અહો.
શીદ સંતાપો, કાળજું કાપો, પ્રીત ગયા ભૂલી;
શૃંગાર છાંડું, તપશ્યા માંડું, ઝુરી ઝુરી મરું ડૂલી.—અહો.

કુંચ્છાકુમારી— ૫૬

પિતાજી! આ કોપ તમે શો કર્યો;
જોગી વેષ બાપુ! શાદને ધર્યો.
મરી ગઈ છે માત વળી જાઓ તાત;
પિતા ઓથ હોતી છે, ઓરમાન માત.

ન આપી કરી આપુ! જાશો નહીં;
પિતા પાછા નહીં જવું, હું તો સહી.

કુંઆકુમારી—

સુણો મારા પ્યારા પિતા! હું છું દીન પુત્રી તમારી.
પ્યાર તજીને ભગવાંરે કીધાં, કોણ લડે કોડે હો;
વનવશી હું છું કુંવારી. સુણો મારા પ્યારા પિતા.
આરજ પુત્રી કરમા ધારો, શિરછત્ર શું જોઇ સચરેઢ
વનમાં વિસારી;—સુણો મારા પ્યારા પિતા.

સમાપ્ત.